# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે - ઓગસ્ટ ૨૦૧૬ વર્ષ ૯ અંક ૨ પૃષ્ઠ ૮ રૂા. ૨/-

## ધર્મશીલ જીવન

**પ્રશ્નકર્તા:** 'ધર્મશીલ જીવન' એ શું છે તે જાણવું મને ગમશે. કેટલાય મહિનાઓ મેં આશ્રમમાં ગાળ્યા છે, ધ્યાન કર્યું છે, એક શિસ્તબધ્ધ જીવન જીવું છું, કેટલુંય વાંચન કર્યું છે. હું વિવિધ મંદિરોમાં, મસ્જિદોમાં ને ચર્ચોમાં ગયો છું. એક સાદું અને નિરુપદ્રવી જીવન, જેમાં વ્યક્તિ કે પ્રાણીઓ કોઈને પણ દુ:ખ ન પહોંચે એ રીતનું જીવન જીવવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ મને ખાતરી છે કે 'ધર્મશીલ જીવન' એટલે ફક્ત આટલું જ નહીં ને? હું યોગનો મહાવરો કરું છું, મેં ઝેનનો અભ્યાસ કર્યો છે, ઘણાં ધાર્મિક મતોને હું અનુસર્યો છું. હું અત્યારે પણ અને પહેલાથી હમેશા શાકાહારી છું. તમે જોઈ રહ્યા છો, કે હવે હું વૃધ્ધ થઈ રહ્યો છું, અને જગતના અલગ અલગ ભાગોમાં કેટલાક સંતોની જોડે રહ્યો છું, પણ એવું મને લાગે છે કે આ બધું એક હદ સુધી જ છે. માટે જ મને થાય છે કે શું આપણે આજે ધર્મશીલ જીવન એટલે શું એ વિશે વાતચીત કરી શકીએ?

કૃષ્ણમૂર્તિ: એક સન્યાસી એક દિવસ મને મળવા આવ્યા, અને તેઓ દુ:ખી હતા. તેમણે કહ્યું કે તેમણે બ્રહ્મચર્યનું વ્રત લીધું હતું અને ભિક્ષુક બનવા સંસાર ત્યાગ્યો હતો, એક ગામથી બીજે ગામ ભટકતા હતા, પણ તેમની કામ વાસનાઓ એટલી જલદ હતી, કે એક સવારે તેમણે તેમના લૈંગિક અવયવો શસ્ત્રક્રિયા દ્વારા નાબૂદ કરાવવાનું નક્કી કર્યું. કેટલાય મહિનાઓ સુધી તેમને વેદના થતી રહી, પણ કોઈક રીતે તે રુઝાયા, અને તે પછી કેટલાય વર્ષો પછી તેને પૂરેપૂરું સમજાયું કે તેમણે શું કર્યું હતું. અને માટે તેઓ મને મળવા માટે આવ્યા હતા, અને નાના ઓરડામાં તેમણે મને પૂછયું કે પોતાનું અંગ વિચ્છેદિત કર્યા પછી હવે ફરીથી સામાન્ય બનવા માટે તેઓ શું કરી શકે, આંતરિક રીતે અલબત્ત, શારીરકપણે નહીં. તેમણે આવું કર્યું હતું કારણકે કામવાસના ધર્મશીલ જીવનથી વિપરીત ગણાય છે, ઐહિક, સાંસારિક આનંદ તરીકે એ ગણાય છે. જેનાથી સાચા સન્યાસીએ કોઈ પણ રીતે બચવું જોઈએ. તેમણે કહ્યું, ''સાવ અર્થહીન, પૌરુષત્વથી વંચિત થઈ ગયેલો મને અનુભવું છું. મારી કામવાસનાઓને નિયંત્રિત કરવા માટે તેમની સામે એટલી જોરથી મેં લડાઈ કરેલી, અને છેવટે આ બની ગયું. હવે મારે શું કરવું જોઈએ? મને ખબર છે કે મેં જે કર્યું છે તે ખોટું કર્યું છે. મારી ઉર્જા ખતમ થઈ ગઈ છે અને મારું જીવન અંધકારમાં વિતાવી રહ્યો છું એવું લાગે છે'' મારો હાથ તેમણે પકડી રાખ્યો અને અમે થોડા સમય માટે જેમના તેમ નિરવ બનીને બેસી રહ્યા.

શું આ ધર્મશીલ જીવન છે? શું આનંદ કે સુંદરતાની અભિલાષાના વિરોધનો રસ્તો જ ધર્મશીલ જીવન તરફ લઈ જાય છે? આકાશ અને ડુંગરો અને માનવીય અંશોની સુંદરતાનો વિરોધ શું ધર્મશીલ જીવન તરફ લઈ જશે? પણ મોટાભાગના સંતો અને સાધુઓ તેવું જ માને છે, તેઓ એ માન્યતામાં પોતાને રિબાવે છે. શું એક રિબાયેલું, વિકૃત, વિરૂપ માનસ કદીય ધર્મશીલ જીવન શું છે એ જાણી શકે? છતાં પણ, દરેકે દરેક ધર્મ એમ જ જણાવે છે કે આ 'વિકૃતતા' જ ભગવાન કે સત્ કે તેઓ જે શબ્દ વાપરે તેને પામવાનો એકમાત્ર રસ્તો છે. તેઓ બધા પોતે જેને 'આધ્યાત્મિક અને ધર્મશીલ જીવન' કહે છે અને પોતે જેને 'સંસારી જીવન' કહે છે તેની વચ્ચે ભેદ પાડે છે.

એક વ્યક્તિ કે જે ફક્ત આનંદ માટે જીવે છે, ક્યારેક જ ખેદ કે દયા જેવા ભાવ જેમાં દેખા દે છે, જેનું જીવન મનોરંજન અને જલસાને અપાયેલું છે, ખુબ ચાલાક, વિદ્વાન હોવા છતાં, અને પોતાનું જીવન અન્યોના કે પોતાના વિચારોથી ભરી દીધા છતાં, તે અવશ્ય સંસારી માણસ છે. અને એક વ્યક્તિ પોતાને મળેલી ભેટને સમાજ માટે કે પોતાના સુખ માટે વાપરે છે, જેને એ ભેટનો ઉપયોગ પ્રતિષ્ઠા અપાવે છે, તે વ્યકિત પણ ચોક્કસ સંસારી છે. પણ તે જ રીતે પૂર્વગ્રહો અને ધર્માંધતા શું સૂચવે છે તેનાથી છેક અજાણ રહીને તેમાં ડુબેલા રહેવું અને પ્રાર્થના માટે ચર્ચમાં જવું કે મંદિર કે મસ્જિદમાં જવું, આ બધું પણ સંસારી જ છે. સ્વદેશાભિમાની રાષ્ટ્રીય ભાવનાવાળું કે આદર્શવાદી બનવું તે પણ સંસારી છે. આશ્રમની દુનિયામાં જે વ્યક્તિ પોતાને બંધ કરી નાંખે છે, હાથમાં એક પુસ્તક સાથે સમયસર ઊઠવું, વાચવું અને પ્રાર્થના કરવી - તે પણ ચોક્કસ સંસારી છે. અને તે વ્યક્તિ કે જે સારા કામો કરવા બહાર જાય છે, તે સમાજ સુધારક હોય કે ધર્મ પ્રસારક હોય, તે જગત સાથેના પોતાની સંડોવણીમાં એક રાજકરણી જેવો જ છે. ધર્મશીલ જીવન અને જગત વચ્ચેની વિભાજન રેખા જ 'સંસારી'પણું જ છે. સાધુઓ, સંતો, સુધારકોનું માનસ, આનંદ આપનારી વસ્તુઓ જોડે જ જેને સંબંધ હોય તેવા લોકોના માનસથી વધારે જુદું નથી.

માટે જ, એ મહત્ત્વનું છે કે જીવનના 'સંસારી' અને 'અસંસારી' એ ભેદ ન પાડવા જોઈએ. એ એ મહત્ત્વનું છે કે 'સંસારી' અને 'ધાર્મિક' એ રીતે જીવનના ભેદ ન પાડવા જોઈએ. પદાર્થો વગર, ભૌતિક જગત વગર આપણે અહીં ન હોત. આકાશ અને પર્વત પરના એકલ ઝાડની સુંદરતા વગર, પસાર થતી સ્ત્રી અને ઘોડા પર સવાર થયેલા પુરુષ વગર જીવન શક્ય જ ન હોત. આપણે સમગ્ર જીવન સાથે સંબંધ રાખીએ છીએ, નહીં કે તેના એક અંશ સાથે. એટલે જ જોઈ શકાય છે કે ધર્મશીલ જીવન સમગ્ર સાથે સંબંધ ધરાવે છે, વિશિષ્ટ સાથે નહીં.

સંપાદકીય

## ધર્મશીલ માનસ

**પ**રંપરાગત ધર્મ અને ધર્મશીલ માનસ એ બન્નેમાં કોઇ સંબંધ નથી. ‘ધર્મ એ ધર્મશીલ માનસના રસ્તા પર મોટી અડચણરૂપ છે.’ એ કૃષ્ણમૂર્તિના કહેણ પર આપણે જો ગહનપણે અને ગંભીરતાથી વિચાર કરીએ તો આ વાત સ્પષ્ટ થશે. સર્વ સામાન્ય સમજણ એવી હોય છે કે જે ધર્મ પ્રમાણે વર્તનારનું મન ધર્મશીલ હોય છે.

ખરેખર તો, ધર્મશીલ માનસ મુક્ત હોય છે. કોઇ નિશ્ચિત ધર્મને સ્વીકારેલ માનસ એ તે ધર્મના ધર્મગ્રંથો, કર્મકાંડ, પ્રથા એ દરેકથી બંધાયેલું હોય છે. બીજું એ કે ધર્મશીલ માનસમાં કોઇ ‘વિરોધ’ની ભાવના નથી હોતી. એક ધર્મને સ્વીકારનાર મન, જાણપણે કે અજાણપણે બીજા ધર્મોના ‘વિરોધી’ હોય છે. આજ ‘વિરોધ’નું વિકરાળ રૂપ એ આજનો આતંકવાદ, ધર્મયુધ્ધો.

આમ પરંપરાગત ધર્મો સાથે દૂરનો પણ સંબંધ ન હોય તેવું આ ‘ધર્મશીલ માનસ’ એટલે શું? કૃષ્ણમૂર્તિએ અહીં શું કહેવું છે? શબ્દોમાં ન સમાય તેવી વાત - શબ્દો જ જે સમજવામાં અડચણ ઊભી કરે છે, તે જ શબ્દોની મદદથી શબ્દોની કુંપળો સુધી પહોંચી શકાય છે, પણ તે વાતો સુધી પહોંચી શકાતું નથી. ‘ધર્મશીલ માનસ’ને સમજવા માટે શબ્દોની મર્યાદાને સમજવી જ પડશે.

શબ્દોને મર્યાદા હોય છે. શબ્દોની મર્યાદા એટલે જ વિચારોની મર્યાદા એમ સમજાય તો માનસિક વિચારોએ નિર્માણ કરેલા અનેક ભ્રમો દૂર થશે, અને મનને જોઇતા અનેક સુરક્ષા કવચોની વ્યર્થતા દેખાશે. વિચારોએ નિર્માણ કરેલો સૌથી મોટો ભ્રમ એટલે ‘હું - સ્વ’નું પ્રબળ અસ્તિત્વ. ‘સ્વ’ એ ભ્રમ જ છે એ પ્રત્યક્ષ દેખાય ત્યારે ભ્રમ અલોપ થઇ જાય છે, પછી જે રહે છે તે અવસ્થા એટલે જ ‘ધર્મશીલ માનસ’. આ અવસ્થા ‘લક્ષ્ય’ બની શકે નહીં. તે જ રીતે, તેનો કોઇ આંકી શકાય તેવો રસ્તો નથી. આ હાથ લાગવું અને સમગ્ર રીતે સ્તબ્ધ થવું શક્ય છે કે? આ એક યક્ષ પ્રશ્ન છે.

---

પ્રશ્નકર્તા : તમે શું કહો છો તે હું સમજું છે. આપણને સમગ્ર જીવન સાથે વહેવાર પાડવાનો છે; આપણે સંસારને કહેવાતા અધ્યાત્મથી અલગ ન પાડી શકીએ માટે સવાલ એ છે કે જીવનની બધી જ વસ્તુઓમાં ધર્મશીલ વ્યવહાર કઇ રીતે કરી શકાય?

કૃષ્ણમૂર્તિઃ ધર્મશીલ વ્યવહાર એટલે શું? કોઇ જ જાતનો ભેદ ન હોય- સંસારી અને ધર્મશીલ વચ્ચે, શું હોવું જોઇએ અને શું ન હોવું જોઇએ તેના વચ્ચે, મારા અને તમારા વચ્ચે, ગમતા અને અણગમતા વચ્ચે- શું તમે એવો અર્થ નથી કરતા? કોઇ પણ પ્રકારનો ભેદ એક સંઘર્ષ છે, અને સંઘર્ષમય જીવન એ ધર્મશીલ જીવન નથી. ધર્મશીલ જીવન ત્યારે જ શક્ય બને, જ્યારે આપણે ‘સંઘર્ષ’ને ગહનતાથી સમજીએ. આ સમજને જ બુધ્ધિ-પ્રજ્ઞા કહી શકાય. આ પ્રજ્ઞાથી જ યોગ્ય વર્તન થાય છે. મોટાભાગના માણસો જેને બુધ્ધિ કહે છે, એ તો હોય છે ફક્ત તકનીકી કુશળતા કે વ્યવસાયમાં નિપુણતા કે રાજકરણના કાવાદાવામાં હોંશિયારી.

પ્રશ્નકર્તાઃ એટલે મારા પ્રશ્નનો સાચો અર્થ થાય કે કેવી રીતે કોઇ પણ સંઘર્ષ વગર જીવવું અને કોઇ ધર્મના પાંજરામાં પૂરાયેલ- ભલે ને કેટલુંય જૂનું પાંજરું હોય- ફક્ત ભાવનાત્મક ધાર્મિકતા નહીં પણ સાચી પવિત્રતાની ભાવના કેવી રીતે લાવવી?

કૃષ્ણમૂર્તિઃ વધારે સંઘર્ષ વગર ગામડામાં રહેતો માણસ કે એક પવિત્ર પર્વત પરની ગુફામાં સ્વપ્ન જોતો માણસ, તેઓ નિશંકપણે આપણે જેની વાત કરી રહ્યા છીએ તેવું ધર્મશીલ જીવન નથી વિતાવી રહ્યા. ‘સંઘર્ષનો અંત આણવો’ એ સૌથી મુશ્કેલ વસ્તુમાંથી એક છે. તે માટે સ્વ-નિરીક્ષણ અને બાહ્ય અને આંતરિક જાગરૂકતા પ્રત્યે સભાન હોવું જરૂરી છે. સંઘર્ષનો અંત ત્યારે જ આવે જ્યારે ‘સ્વ’માં સ્થિત વિસંગતિની સમજણ હોય. જો ‘જ્ઞાત’થી એટલે કે ભૂતકાળથી મુક્ત નહીં હો તો આ વિસંગતિ હમેશા રહેશે જ. ભૂતકાળથી મુક્ત થવું એટલે વર્તમાનમાં જીવવું- સમય કે કાળની અપેક્ષાએ નહીં- , જેમાં જ્ઞાતથી ભૂતકાળથી વણસ્પર્શી એવી ફક્ત મુક્તિની ગતિવિધિ હોય એવી અવસ્થા.

પ્રશ્નકર્તાઃ ‘ભૂત(કાળ)’નો તમે શું અર્થ કરો છો?

કૃષ્ણમૂર્તિઃ ભૂત એ આપણી યાદોનો સંગ્રહ છે. આ યાદો વર્તમાનમાં પ્રવૃત થઇ અને ભવિષ્ય માટે આશા અને ડર ઉત્પન્ન કરે છે. આ આશાઓ અને ડર એ માનસિક ‘ભવિષ્ય’ છે, એમના વગર અન્ય કોઇ ‘ભવિષ્ય’ નથી. આમ, વર્તમાન એ ‘ભૂત’ની પ્રવૃત્તિઓ માત્ર છે, અને ‘મન’એ આ ‘ભૂત’ની જ ગતિવિધિઓ છે. વર્તમાનમાં ‘ભૂત’ની ગતિવિધિઓ દ્વારા જ જે ઉદ્‌ભવ પામે છે તે છે ભવિષ્ય. ‘ભૂત’ની આ ગતિવિધિઓ આપણે જાણી શકીએ તે પહેલાં જ, આપણી કોઇ ખાસ ઇચ્છા વગર, જાતે જ, કોઇ જ આમંત્રણ વગર થતી હોય છે.

પ્રશ્નકર્તાઃ તો પછી, આપણે તેનાથી મુક્ત કેવી રીતે થઇ શકીએ?

કૃષ્ણમૂર્તિઃ આ ગતિવિધિઓને કોઇ વિકલ્પ વગર (વિકલ્પ વગર કારણકે વિકલ્પ એ પણ ‘ભૂત’ની જ બીજી ગતિવિધિઓ છે) જાણવું એટલે ‘ભૂત’ની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવું. આવું નિરીક્ષણ એ ‘ભૂત’ની ગતિવિધિઓ નથી. કલ્પનાની મૂર્તિઓ વગર નિરીક્ષણ એટલે એવી પ્રવૃત્તિકે જેમાં ‘ભૂત’નો અંત આવી ગયો છે. કોઇ કલ્પના વગર ‘ઝાડ’નું નિરીક્ષણ એટલે ‘ભૂત’ વગરની પ્રવૃત્તિ. ‘ભૂત’ની પ્રવૃત્તિનું નિરીક્ષણ એટલે પણ ‘ભૂત’ વગરની પ્રવૃત્તિ. શું દેખાઇ રહ્યું છે તે કરતાં ‘જોવા’ની એ અવસ્થાનું વધારે મહત્ત્વ છે. ‘વિકલ્પ વગર’ ભૂતને જાણવું એટલે અલગ જ પ્રવૃત્તિ એટલું જ નહીં, પણ વિશિષ્ટ બનવું. આ જાતની અવધાનમાની પ્રવૃત્તિમાં કોઇ અંતરાય વગર અને દક્ષતાપૂર્વક યાદશક્તિ પ્રવૃત થાય છે. ધર્મશીલ હોવું એટલે કોઇ વિકલ્પ વગર જાણવું કે ‘ભૂત’ની પ્રવૃત્તી થાય રહી હોય, તે છતાં તેનાથી મુક્ત થવું શકય છે.

પ્રશ્નકર્તાઃ પણ, ક્યારેક ને ક્યારેક ન થવું જોઇએ તે છતાં ભૂતકાલમાં મન પ્રવૃત થાય છે, અને સંઘર્ષ ઉત્પન્ન કરે છે...

કૃષ્ણમૂર્તિઃ આને જાણવું, એટલે ‘ભૂતની પ્રવૃત્તિ સંદર્ભે અપ્રવૃત્ત અવસ્થામાં હોવું. આમ, ‘જ્ઞાત’થી મુક્ત એટલે જ ખરેખરું ધર્મશીલ જીવન. તેનો અર્થ એ નથી કે ‘જ્ઞાત’ને ભૂંસી નાખવું; પણ જ્યાંથી ‘જ્ઞાત’નું નિરીક્ષણ થઇ શકે એવા સાવ અલગ જ પરિમાણ પર પહોંચવું. આ વિકલ્પવગર’ જોવાની પ્રવૃત્તિ એટલે પ્રેમની પ્રવૃત્તિ. ‘ધર્મશીલ જીવન’ એટલે આ પ્રવૃત્તિ, ‘સમસ્ત જીવન’ એટલે આ પ્રવૃત્તિ, ‘ધર્મશીલ માનસ’ એટલે આ પ્રવૃત્તિ. આમ, ધર્મ, માનસ, જીવન અને પ્રેમ એ બધું એક જ છે.

*The Urgency of Change*

# ખરેખર ધર્મશીલ માનસ શું છે

ધર્મશીલ માનસ જ એક એવું માનસ છે જે આપણી બધી મુશ્કેલીઓ દૂર કરી શકશે. વૈજ્ઞાનિક માનસ ક્યારેય નહીં કરી શકે. ખરેખર ધર્મશીલ માનસ શું છે, ફક્ત સૈધાંતિક રીતે નહીં, ખરેખરા ધર્મશીલ માનસને સમજવા માટે, દરેકે ફક્ત પ્રતીકોમાં ખોજને સીમિત ન રાખવી જોઇએ, દરેકે દરેક પ્રતીકો તરફ સવાલ થવો જોઇએ, અને ઉપરાંત, તેમના પ્રભાવ વિશેના સવાલોમાં પણ ઊતરવું જોઇએ. કેટલી સહજતાથી આપણે પ્રભાવ પામીએ છીએ, કેટલી સરળતાથી આપણે એક વિચારના ગુલામ બની જઇએ છીએ, એ વિચાર, જે ખરેખર તો પ્રચાર જ હોય છે. કેટલા આરામથી આપણી ભાવનાઓ એક નવી, કદાચ એક નવી પલાયનવૃત્તિની જાળમાં સપડાઇ જાય છે. કંઇ કેટલાંય પ્રભાવોના ગુલામ છીએ આપણે, ફક્ત પ્રતીકોના નહીં, સમાજ, સંસ્કૃતિ, કુટુંબ, નામ, વ્યવસાય, સમાચાર પત્રો, પુસ્તકોના પ્રભાવ, નેતા જેવા હોંશિયાર મહત્ત્વના લોકોનો પ્રભાવ! કેટલી સરળતાથી અને વિનાશકતાથી આપણે એક રીતે કે અન્ય રીતે વિચારવા માટે, એક રીતે કે અન્ય રીતે કાર્ય કરવા માટે, એક જાતની વ્યવસ્થા કે આદત ગ્રહણ કરવા માટે પ્રભાવિત થયેલા હોઇએ છીએ. દરેકે દરેક પ્રભાવને પારખતાં આવડવું, તેના વિશે જ્ઞાત હોવું, પણ તેમાં સપડાવું નહીં, જે પુસ્તક વાંચી રહ્યા હોઇએ તેના પ્રભાવથી જ્ઞાત હોવું, કુટુંબના દબાણો અને વલણોને જાણવા, જે સંસ્કૃતિમાં તમે ઉછરેલાં છો તેને જાણવા - એ જ બુધ્ધિશક્તિ છે.

જો આ વસ્તુ આપણા બધાના માનસમાં સાવ સ્પષ્ટ હોય તો આપણે ધર્મશીલ માનસ શું છે અને એક વૈજ્ઞાનિક, આધુનિક, ૨૦મી સદીનું માનસ શું છે તે ખોજની શરૂઆત કરીએ. ૨૦મી સદીમાં આજે બે જ માનસ રહી શકે છે, કાં તો સાચેસાચું વૈજ્ઞાનિક માનસ અથવા સાચેસાચું ધર્મશીલ માનસ, નહીં કે અંધશ્રધ્ધાળુ માનસ, માન્યતાઓથી ભરેલું માનસ, મંદિર જનારું કે ચર્ચમાં ઉપાસના કરનારું. વૈજ્ઞાનિક માનસ એ એ માનસ છે જે તથ્યોની ખોજ કરે છે. અને ભૌતિક તથ્યોની ખોજ-માઇક્રોસ્કોપ હેઠળની ખોજ - માટે વિશાળ સંચિત જ્ઞાનની જરૂર છે. અને આવું વૈજ્ઞાનિક માનસ એ ૨૦મી સદીની નીપજ છે. એટલે આપણે જોઇ શકીએ છીએ કે, કહેવાતું વૈજ્ઞાનિક માનસ, કહેવાતું શિક્ષિત માનસ, એવું માનસ કે જેણે કોઇક નિશ્ચિત તકનીકો શીખી છે અને તર્કસંગત રીતે અને જ્ઞાન સહિત વિચારણા કરી શકે છે, તે હમેશા જ એક જ્ઞાત તથ્ય તરફથી અન્ય જ્ઞાત તથ્ય તરફ જ ગતિ કરે છે, એક હકીકતથી અન્ય હકીકત તરફ ગતિ કરે છે. આવું માનસ એકદમ જરૂરી છે, કારણકે તે તાર્કિકતાથી, ડહાપણથી, સમજદારીથી સચોટતાથી વિચારી શકે. પણ એ બાબતો કે જે સંચિત જ્ઞાનની હદપાર છે, તે બાબતોનો વિચાર કરવા માટે આવું માનસ પોતાને સંચિત જ્ઞાનથી અલગ ન કરી શકે, અને એ જ 'ધર્મ'નો હેતુ છે.

તો હવે, આપણે ધર્મશીલ માનસ એ શું છે તેની ખોજ કરવાની શરૂઆત કરીએ, નકારથી. પહેલું તો, ધર્મશીલ માનસ એ ચોક્કસપણે શ્રધ્ધાળુ માનસ નથી, કારણ કે શ્રધ્ધા એ સુરિક્ષતતાની અભિલાષામાંથી જ જન્મે છે, અને તેથી જ શ્રધ્ધા, કોઇ પણ રૂપમાં, સાચી ખોજ કે સાચા સવાલો થતાં અટકાવે છે. જો હું રાષ્ટ્રવાદમાં માનતો હોઉં તો હું કદાચ અન્ય સાથે ખરેખર ભાઇચારાથી કેવી રીતે રહેવાય તે ખોજી ન શકું. મારે રાષ્ટ્રવાદને નકારવો જ જોઇએ; તો જ હું ખોજી શકીશ કે અન્ય જોડે ભાઇચારાના ભાવથી મૈત્રીપૂર્વક રહેવું એટલે શું. પણ આપણા મોટાભાગના 'ધર્મો' 'માન્યતાઓ' છે તમે માનો કે 'ભગવાન છે', કારણકે તમને હજારો વર્ષો થયે કહેવામાં આવતું રહ્યું છે કે 'ભગવાન છે', કે આત્મા છે', અને બધી જાતના વિધાનો, સિદ્ધાંતો અને શબ્દો. તમે એ બધું માનો છો કારણકે તમારો ઉછેર એ રીતે જ થયો છે, એ રીતે કેળવાયા છો. જ્યારે તમે આ પૃથ્વીના બીજા છેડે જાઓ- રશિયા અને બીજા ભાગોમાં, તો તમે જોશો કે એ લોકોને આવી કોઇ માન્યતા નથી, એ લોકોનો ઉછેર જ એ રીતે થયો છે કે 'ન માનવું'. પણ ભગવાનમાં માનનારા લોકો અને ભગવાનમાં ન માનનારા લોકો વચ્ચે કાંઇ બહુ મોટો ફરક નથી, કારણકે બન્ને શબ્દોના, પ્રચારના ગુલામ છે, એક હજારેક વર્ષ માટે તો બીજા ચાલીસેક વર્ષ માટે. મને ખબર છે કે તમે હસશો,મને ખબર છે કે તમને આ રમુજી લાગશે, પણ તમે તે છતાંય તેને માનશો. એક વ્યક્તિ કે જે 'ભગવાન છે' કે 'નથી' તેની ખરેખર ખોજ કરે છે, તેણે દેખીતી રીતે ભગવાન વિશેની બધી માન્યતાઓ, રૂઢીગત માન્યતાઓને સાવ ભૂંસી નાખવી પડશે.

મદ્રાસ ૧૯૬૧, લોક-સંવાદ ૮

# ધાર્મિક મનમાં વૈજ્ઞાનિક મનનો સમાવેશ થઇ જય છે

ધાર્મિક મન બધાં જ આધિપત્યથી મુક્ત હોય છે અને આધિપત્યથી મુક્ત થવું અત્યંત મુશ્કેલ હોય છે- માત્ર બીજા દ્વારા લાદવામાં આવેલા આધિપત્યથી જ નહીં, પરંતુ આપણે મેળવેલા અનુભવોના આધિપત્યથી પણ મુક્ત થવું બહુ મુશ્કેલ છે. એ અનુભવો એટલે ભૂતકાળના અનુભવો જે પરંપરા છે અને ધાર્મિક મનને કોઇ માન્યતાઓ નથી હોતી; તેની પાસે માનવાની વાત કે સિદ્ધાન્તો નથી હોતા, તે એક હકીકતથી બીજી હકકીકત તરફ જાય છે અને તેથી ધાર્મિક મન વૈજ્ઞાનિક મન છે, પરંતુ વૈજ્ઞાનિક મન ધાર્મિક મન નથી. ધાર્મિક મનમાં વૈજ્ઞાનિક મનનો સમાવેશ થઇ જાય છે, પરંતુ જે મનને વિજ્ઞાનના જ્ઞાનની તાલીમ આપવામાં આવી છે તે ધાર્મિક મન નથી.

ધાર્મિક મન સમગ્રતા સાથે નિસ્બત ધરાવે છે- કોઇ ખાસ કાર્ય સાથે નહીં, તે માનવના અસ્તિત્વનાં સમગ્ર કાર્યો સાથે નિસ્બત ધરાવે છે. મગજ કોઇ ખાસ (વિશિષ્ટ) કાર્ય સાથે સંબંધ ધરાવે છે. તેને વૈજ્ઞાનિક, ડૉકટર, ઇજનેર, સંગીતકાર, કલાકાર, લેખક તરીકે વિશિષ્ટપણે કેળવવાથી તે એ પ્રકારે કાર્ય કરે છે. આ જ વિશિષ્ટીકરણ એ સંકુચિત કરવાની ટેક્નિક છે જે વિભાજન સર્જે છે, માત્ર બાહ્યપણે નહીં, પરંતુ આંતરીકપણે પણ તે વિભાજન સર્જે છે. વૈજ્ઞાનિકને કદાચ હાલમાં સમાજને જેની સહુથી વધારે જરૂર છે તેવી વ્યક્તિ ગણવામાં આવે છે, એ જ રીતે ડૉકટરને પણ મહત્ત્વની વ્યક્તિ ગણવામાં આવે છે. આમ કાર્ય બધાથી વધારે મહત્ત્વનું બની જાય છે; અને તેની સાથે મળે છે સામાજિક પ્રતિષ્ઠા, મોભો. પ્રતિષ્ઠા એટલે માનપાન. તો જ્યાં વિશિષ્ટીકરણ હોય છે ત્યાં વિરોધાભાસ હોય જ છે અને ત્યાં મનને સંકુચિત કરી ઉતારી પાડવાનું પણ બને છે અને એ મગજનું જ કાર્ય છે.

*જીવન નુ પુસ્તક -કૃષ્ણમૂર્તી ના સાથે રોજેરોજ ધ્યાન,*
સપ્ટેંબર ૩૦

## બધી પધ્ધતિઓને બાજુએ કરો

**ધા**ર્મિક કે નવું મન કેવી રીતે અસ્તિત્વમાં આવે છે? શું તે માટે તમે કોઇ ક્રમબધ્ધ યોજના કે કોઇ પધ્ધતિ ધરાવશો? પધ્ધતિ પણ એક યોજના જ છે, અભ્યાસ છે. પધ્ધતિ એવી બાબત છે કે જેનું રોજેરોજ પુનરાવર્તન થાય છે. શું પધ્ધતિ નવું મન ઉત્પન્ન કરશે? નિશ્ચતપણે, પધ્ધતિ અભ્યાસનું એક સાતત્ય દર્શાવે છે અને તે યાંત્રિક ટેવ પાડવા જેવું છે, અને એ યાંત્રિક ટેવથી એ સમજવું કે મન યાંત્રિક નથી...

જ્યારે તમે ''શિસ્ત'' કહો ત્યારે બધી જ શિસ્ત કોઇ ને કોઇ પધ્ધતિ ઉપર આધારિત હોય છૈ, તે કોઇ ચોક્કસ માળખા મુજબ હોય છે; અને એ માળખું તમને માન્યતા ધરાવતા મન દ્વારા, જેણે પહેલેથી જ એક સ્થિતિ ધારણ કરી લીધી છે તેવા મન દ્વારા જે પૂર્વનિર્ધારિત પરિણામની ખાતરી આપે છે. તો, વિસ્તારિત કે મર્યાદિત અર્થમાં પધ્ધતિથી આ નવું મન અસ્તિત્વમાં આવશે? જો તે ન લાવી શકે તેમ હોય તો એક ટેવ તરીકે પધ્ધતિ પૂરેપૂરી જવી જોઇએ કારણ કે તે ખોટી છે ...પધ્ધતિ માત્ર ઇચ્છિત પરિણામ મુજબ મનને અનુબંધિત કરે છે. તમારે મનની બધી જ યાંત્રિક પ્રક્રિયાઓને એક બાજુ મૂકી દેવી જોઇએ.

આમ, કોઇ વિચાર કે પધ્ધતિ, યોજના, વિદ્યાશાખા, ટેવનું સાતત્ય આવા મનને અસ્તિત્વમાં લાવશે એ સાચું નથી. તેથી, તે બધું યાંત્રિક હોવાથી તેને એક બાજુ કરી દેવું જોઇએ. જે મન યાંત્રિક છે તે પરંપરાગત - રૂઢિચુસ્ત મન છે; તે જીવનને આવકારી ન શકે અને જીવન યાંત્રિક નથી, તેથી પધ્ધતિઓને બાજુએ કરવી જોઇએ.

*જીવન નુ પુસ્તક -કૃષ્ણમૂર્તી ના સાથે રોજેરોજ ધ્યાન,*
અક્ટુબર ૧૮

## અહીં જ શરૂઆત કરો

**ધા**ર્મિક માણસ ઈશ્વર નથી શોધતો. ધાર્મિક માણસને સમાજના પરિવર્તનની સાથે નિસ્બત છે અને સમાજ તે પોતે જ છે. ધાર્મિક માણસ એટલે એવો માણસ નહીં કે જે અસંખ્ય કર્મકાંડ કરે, પરંપરાને અનુસરે, જે મૃત- ભૂતકાળની સંસ્કૃતિમાં જીવતો હોય, જે અનંતપણે ગીતા કે બાઇબલને સમજાવ્યા કરતો હોય, એકધારા મંત્રોનું રટણ (જપ) કરતો હોય કે સંન્યાસની વાતો કરતો હોય- તે ધાર્મિક માણસ નથી; આવો માણસ તો હકીકતોથી ભાગે છે. ધાર્મિક માણસ તો એ છે કે જેને નિસ્બત છે પૂર્ણપણે અને સમગ્રપણે સમાજને એટલે કે સ્વયંને સમજવા સાથે. તે સમાજથી અલગ નથી. તે પોતાની અંદર જ એક સંપૂર્ણ, સમગ્રલક્ષી પરિવર્તન કરે છે એટલે કે લોભ, ઈર્ષ્યા, મહત્ત્વાકાંક્ષાનો સંપૂર્ણ અંત લાવે છે અને તેથી તે સંજોગો ઉપર આધારિત નથી રહેતો, જોકે તે ભલે સંજોગનું જ પરિણામ હોય - તે જે ખાય છે તે આહાર, તે જે વાંચે છે એ પુસ્તકો, તે જૂએ છે એ ચલચિત્રો, ધાર્મિક સિધ્ધાંતો ધરાવવા, માન્યતાઓ ધરાવવી, કર્મકાંડો અને એવા બધાનું જ ભલે તે પરિણામ હોય પરંતુ તેને માટે તે જ જવાબદાર છે. અને તેથી ધાર્મિક માણસે પોતાને વિષે સમજ મેળવવી જ જોઇએ. તેણે જ આ સમાજ સર્જેલો છે અને તે ખુદ આ સમાજની જ નીપજ છે. તેથી, વાસ્તવિકતા શોધી કાઢવા માટે તેણે અહીંથી જ શરૂઆત કરવી જોઇએ, મંદિરમાંથી નહીં,મનમાં પડેલી કોઇ છબી પ્રમાણે નહીં - ભલે પછી તે છબી હાથ વડે કે મન વડે અંકિત થઇ હોય. નહીં તો, તે કાંઇક સમગ્રપણે નવું કેવી રીતે શોધી શકશે?, એક નવી જ અવસ્થા કેવી રીતે શોધી શકશે?

*જીવન નુ પુસ્તક -કૃષ્ણમૂર્તી ના સાથે રોજેરોજ ધ્યાન,*
ડિસેંબર ૮

## ધર્મનો અર્થ

'ધર્મ' શબ્દનું મૂળ હજી નક્કી થઇ શક્યું નથી. વિવિધ શબ્દકોશોમાં જોતા મને લાગે છે કે ખરેખર 'સત્યને પામવા માટે સમસ્ત ઉર્જાને ભેગી કરવી' એ તેનો અર્થ થાય છે. વિવિધ ફ્રેન્ચ, ઈંગ્લીશ, ઈટાલીઅન શબ્દકોશોને જોયા પછી મને લાગે છે કે તેનો અર્થ આ જ થાય. ખંત અને બેદરકારી, ધર્મ એ બન્નેને સૂચવે છે. સત્ય એ શું છે એ પામવા માનસ એ અત્યંત ખંતીલું હોવું જોઇએ. પરંતુ જો કોઇ પણ પ્રકારની બેદરકારી હોય તો એ વિક્ષેપ રૂપ છે, ઉર્જાનો વેડફાટ છે. આ અમે નથી કહેતા, આ એક હકીકત છે. કુથલી, દુ:ખી થવું અને અન્યને દુ:ખી કરવું, હિંસા જેવી ક્ષુદ્ર બાબતોમાં મન પોતાને વિખેરી નાખે છે, સ્વાર્થી પ્રવૃત્તિઓમાં રચ્યો પચ્યો રહે છે, આ બધું જ બેદરકારી છે. પરંતુ, ધર્મશીલ માનસ તટસ્થતા, આંતરિક નિશ્ચિત અને ચોક્કસ ખંતની અપેક્ષા રાખે છે, જેથી કોઇ જ ભ્રમ કે છેતરપિંડીને અવકાશ ન હોય, સંપૂર્ણ અખંડિતતા હોય. એને જ ધર્મશીલ માનસ કહેવાય. જે રીતે ધર્મ આજે જોવા મળે છે તે ખરેખર ધર્મ નથી. ધર્મનો પ્રચાર, પશ્ચિમની કલ્પના, પૂર્વની કલ્પના, વસ્ત્ર પરિધાન અને એ બધી પ્રવૃત્તિઓ, તમે જાણો જ છો કે આ બધી બાબતોને ધર્મ જોડે કાંઇ લાગતું વળગતું નથી. તમે કદાચ આની સાથે સહમત ન થાઓ. જો કદાચ તમે ચુસ્ત ખ્રિસ્તી હો, કેથલિક ધર્મ પાળતા હો, તો કદાચ તમે સાંભળશો પણ નહીં અને જ્યારે વક્તા ભારતમાં જાય છે ત્યારે ત્યાંના લોકોને પણ વક્તા એજ કહે છે, કે તેમનો ધર્મ, તેમની અંધશ્રધ્ધાઓ, તેમની કલ્પનાઓ, બધા જ નકામા કર્મકાંડો આ બધાંને સત્ય સાથે કાંઇ નિસ્બત નથી. અને ઘણાં લોકોએ કહ્યું છે કે 'તમને સળગાવી દેવા જોઇએ' કે 'તમને કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં મોકલાવી દેવા જોઇએ.' કદાચ, જો તમે મધ્યકાળમાં રહેતા હોત તો તમને રિબાવવામાં આવત, પાખંડી ગણાવવામાં આવત, ભગવાન, શાંતિ અને એવા એવા નામ હેઠળ સળગાવવામાં આવત. ભારતમાં લોકો આ વાતને થોડી વધારે ગ્રહણ કરી શકે છે, આના એક હિસ્સાને સમજી શકે છે, પરંતુ, એ જ કહેવામાં આવે છે કે આ બધું અમારી માટે નથી, તમે અહીંથી ચાલ્યા જાઓ.


બ્રોકવુડ પાર્ક સપ્ટેમ્બર ૧૯૮૦, લોક-સંવાદ ૪

### વાર્ષિક સંમેલન

કૃષ્ણમૂર્તિ વાર્ષિક સંમેલન ૨૦૧૬: આ વર્ષે વાર્ષિક સંમેલનનું આયોજન ઋષિવેલી શિક્ષણ કેન્દ્ર ખાતે નવેમ્બર મહિનામાં શાળામાં રજા હશે ત્યારે કરવામાં આવશે. સંમેલનના વિષય, તારીખો,રહેવાની સગવડ અને ખર્ચ વિશેની માહિતી પાછળથી વેબસાઇટ પર અને સપ્ટેંબર માસના અંતરમેળમાં આપવામાં આવશે.

## પુસ્તક પરિચય

### સ્કૂલ વિધાઉટ ફીઅર




રાજઘાટ બેસન્ટ શાળામાં જે સંવાદો થયા તે સાઠ વર્ષ પછી આ પુસ્તકરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે. ડિસેમ્બર ૧૯૫૪થી ફેબ્રુઆરી ૧૯૫૫ સુધી તેઓ શાળાના પ્રાંગણમાં રહ્યા અને શિક્ષકો અને વાલીઓ જોડે સંવાદ સાધ્યા. જીવન પ્રત્યેની પોતાની ભવ્ય દ્રષ્ટિને વ્યક્ત કરવાથી લઈને છાત્રાલયવાળી શાળાઓને ચલાવવામાં નડતી વાસ્તવિકતાઓ, શિક્ષણજગતને લગતાં અને કલ્પના થઈ શકે એવાં દરેકે દરેક પાસાંઓની તેઓએ ચર્ચા કરી છે. તેનું જ પરિણામ છે આ છવ્વીસ સંવાદો, જે કૃષ્ણમૂર્તિના શિક્ષણ જગતને લગતાં સંપૂર્ણ ગ્રંથોમાં લાંબામાં લાંબા સંવાદોની શ્રેણી છે.

પાનાં ૨૨૨, કિંમત : રૂ. ૨૫૦/-

**કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઈટ્સ જુઓ:**

| | |
|---|---|
| www.jkrishnamurti.org | www.kfionline.org |
| www.rishivalley.org | www.j-krishnamurti.org |
| www.kfistudy.org | www.kscskfi.com |
| www.jkrishnamurtionline.org | www.kfa.org |
| www.kfoundation.org | www.kinfonet.org |

## શ્રદ્ધાંજલિ

**ડૉ.** સતીશ ઈનામદાર કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને બેંગલોર શિક્ષણ કેન્દ્રના ડાયરેક્ટર પોતાના વતન મીરજમાં ૧લી જાન્યુઆરી ૨૦૧૬ના ૭૦ વર્ષની વયે મૃત્યુ પામ્યા. કેન્સરના સર્જન ડૉ. ઈનામદાર સૌ પ્રથમ ૧૯૬૦માં કૃષ્ણમૂર્તિના વિચારોના સંપર્કમાં આવ્યા અને કૃષ્ણમૂર્તિના મૃત્યુ પશ્ચાત પોતાનો વ્યવસાય તેમણે છોડી દીધો અને ૧૯૮૮માં રાજઘાટ બેસન્ટ સ્કૂલમાં જોડાયા. ૧૯૯૨માં તેઓ બેંગલોર આવ્યા, વ્હેલી સ્કૂલ અને પછી પાલામાનેરમાં ચાલતા કેગલ રૂરલ પ્રોજેક્ટની જવાબદારી સંભાળી. તેમણે અધ્યયન કેન્દ્રની સ્થાપના કરી અને ચિંતનાત્મક કાર્યક્રમો અને લોકો સુધી કૃષ્ણમૂર્તિના વિચારો પહોંચી શકે તેવી પ્રવૃત્તિઓને વધારી. તેમણે કન્નડ અનુવાદ કેન્દ્રની શરૂઆત કરી, જ્યાં શ્રેષ્ઠ અનુવાદકારોની મદદથી કૃષ્ણમૂર્તિના ઘણાં પુસ્તકો કન્નડમાં પ્રગટ થયા. અંતરમેળ તરફથી ડૉ. સતીશ ઈનામદારને શ્રદ્ધાંજલિ.

### એ જ ધર્મશીલ માનસ છે

**મૃ**ત્યુ એ આ જીવનનો હિસ્સો છે, એને એક અંતરે મૂકી રાખવું કે તેનાથી ભાગવું ન જોઈએ. જ્યારે આખા જીવનને સમગ્રતાથી જોવામાં આવે, જેની પોતાની એક નિજી સુંદરતા હોય છે, જ્યારે તેને તમે અખંડતાથી જૂઓ, દુ:ખ, પીડા, સુખની દરેક હિલચાલો સહિત, તો મૃત્યુ એ આપણાં જીવનનો એક હિસ્સો બની રહે છે. મૃત્યુ એ એક અંત છે, જે અંત સાવ જ નવું પરિમાણ અર્પે છે. સ્વ-ચેતનાના દરેકે દરેક તત્ત્વનો 'નકાર' એ જ ધર્મશીલ માનસ છે.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ:** ધી સ્ટડી વેલી સ્કૂલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org
૦૯-૧૭ મે ૨૦૧૬ Understanding hurt, frustration, and anger.
૦૭-૧૦ જુલૈ ૨૦૧૬ Can I be a responsible parent without understanding myself?
૧૧-૧૪ અગસ્ત ૨૦૧૬ What does it mean to 'Live in the here and now'?
૦૮-૧૧ સપ્ટેંબર ૨૦૧૬ Education and the understanding of Life ૦૬-૦૯ અક્ટુબર ૨૦૧૬ Harmony in relationship
૧૦-૧૩ નવમ્બર ૨૦૧૬ Breaking free from the prison of the mind ૦૭-૧૧ ડિસેંબર ૨૦૧૬ What are you doing with your Life?

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર:** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# ધર્મશીલ માનસ એટલે શું?

**આ**પણે ગઈકાલે જે વાત કરી રહ્યાં હતાં તેને જ આગળ વધારીશું? આપણે પૂછી રહ્યાં હતાં કે ધર્મશીલ માનસ એટલે શું? અને આપણે તેમાં ઊંડા ઊતરીશું? ધર્મ એ શબ્દનો અર્થ શો છે, શું છે એ શબ્દનો અર્થ, એ શબ્દની વ્યુત્પત્તિ સાવ સ્પષ્ટ નથી અને 'ધર્મશીલ માનસ'ની ખોજ કરવા જો આપણે ખરેખર જ ગંભીર હોઈએ તો, અને મને લાગે છે કે આપણે છીએ, તો, સ્પષ્ટ રૂપે એ સમજાશે કે આખાય જગતમાં આજની ધાર્મિક સંસ્થાઓની રચના કે સ્વરૂપનો કોઈ અર્થ જ નથી. સંસ્કૃતમાં, કે લેટિનમાં, કે જો તમે ગ્રીસમાં હો તો ગ્રીકમાં પણ શબ્દોના ઢગલાઓ છે, પણ ખ્રિસ્તી ધર્મ કે બૌધ્ધ ધર્મના સંગઠનના આંતરિક માળખામાં, કે હિન્દુ ધર્મના કે શીખ ધર્મના ઘણાં અંશોમાં આજે ઊંડાણ નથી. એ ફક્ત કર્મકાંડ બની ગયાં છે, એ ફક્ત ભાવનાઓને ઉત્તેજે છે, કોઈ પણ મહત્ત્વ વગરના શબ્દો છે.

તો ધર્મશીલ માનસ-મનની ખોજ કરતી વખતે - ફક્ત બોલવા ખાતર નહીં પણ ખરેખર - શું આપણે આ જગતનાં સંગઠિત, સાંપ્રદાયિક, મર્યાદિત એવા ધર્મોના સૂચિતાર્થોને બાજુ પર મૂકી શકીશું ? શું આપણે સૌ પ્રથમ એ કરી શકીશું કે કોઈપણ ધર્મગુરુને ન સ્વીકારવું? કારણ કે ધર્મના જગતમાં કોઈની આખરી સત્તા હોતી નથી. તો, શું આપણે આધ્યાત્મિક બાબતોમાં દરેક પરંપરાઓ સહિત તેની આખરી સત્તા અને એ બધાંને બાજુ પર મૂકી શકીશું? અને આપણે ફક્ત બોલવા ખાતર નહીં, ખરેખર, આધ્યાત્મિક ગુરુનો અસ્વીકાર કરીશું? - મને માફ કરજો, આ તમારામાંથી મોટાભાગનાઓ માટે જરા મુશ્કેલ હશે-, કોઈ પુસ્તકની આખરી સત્તાનો અસ્વીકાર કરીશું? - ખ્રિસ્તી ધર્મ પ્રમાણે બાઈબલનો, મુસ્લિમ જગત માટે કુરાનનો કે યુરોપ અને ભારત માટે તેમના પોતાના અનેક પુસ્તકોનો-અસ્વીકાર કરીશું? મને લાગે છે કે આપણને એ સ્પષ્ટપણે જાણવાની જરૂર છે કે આધ્યાત્મિક બબાતોમાં, આત્માની બાબતોમાં, વ્યક્તિગત સમજણ માટે કોઈ 'આખરી સત્તા'ની જરૂર નથી હોતી. જે સત્ય છે ફક્ત તે જ આખરી હોય છે. અને આપણે, આપણા પોતાના માટે, ધર્મશીલ માનસ વિષયક ખોજ કરતાં કરતાં, સત્ય એ શું છે એ ખોજવું જ રહ્યું. અને આપણે તે જ શોધીશું.

આ બધી વાતો કરવામાં તમને વાંધો નથી ને? કે પછી તમારે રાજકરણ વિશે વાત કરવી છે? કે પછી યોગા? કે અન્ય કોઈ મૂર્તિ જેની તમે ઉપાસના કરતા હો તે વિશે? પણ જો આપણે ગંભીર હોઈએ અને આ સવાલોમાં ઊંડા ઊતરીએ, જે આપણે ખરેખર કરવું જોઈએ, કારણકે ધર્મ એ નવીનસમાજનું, નવીન સંસ્કૃતિનું મૂળ છે, આજની દરેક સંસ્કૃતિઓ ભાંગી રહી છે, ખતમ થઈ રહી છે. 'ધર્મની સત્યતા'ની ખોજ આપણે કરવી જ રહી, એને ખોજવું, એની પ્રમાણે જીવવું એકદમ જ અગત્યનું અને મહત્ત્વનું થઈ ગયું છે...

આપણે જેમ કહી રહ્યાં હતાં તેમ, ધર્મશીલ માનસની પહેલી જરૂરત કે આવશ્યકતા કે માંગ છે સુંદરતા. સુંદરતા કોઈ એક નિશ્ચિત સ્વરૂપ, સુંદર મુખ કે સુંદર રહેણીકરણી વગેરેની નહીં. તો પછી સુંદરતા શું છે? તેના વગર કોઈ આખરી સત્ય નથી, પ્રેમ નથી, સુંદરતા વગર નૈતિકતાનો કોઈ અર્થ નથી. સુંદરતા એ પોતે જ એક સદાચાર છે. શું તમે, આપણે બધાં સાથે ચાલી રહ્યા છીએ, કે પછી હું મારી જોડે જ વાત કરી રહ્યો છું? મને મારી સાથે વાત કરવામાં કોઈ વાંધો નથી, પણ જો આપણે એકબીજાને સાંભળી રહ્યાં હોઈએ, તો આપણે સ્વાભાવિક રીતે જ આ મૂળભૂત પ્રશ્ન કરવો જોઈએઃ સવારના પ્રકાશમાં તમે નદીને જૂઓ, સૂર્ય હજી તો હમણાં જ બહાર નીકળી રહ્યો હોય, અને પાણી ઉપર એક સોનેરી રસ્તો બનાવી રહ્યો હોય, ત્યારે શું થઈ રહ્યું હશે? તમે જ્યારે આ જૂઓ ત્યારે શું થઈ રહ્યું હશે? કે પછી, તમે કોઈ મંત્રોચ્ચાર કરી રહ્યાં હો, કોઈ શબ્દો, કોઈ... કે પછી એ ક્ષણો માટે તમે એકદમ શાંત છો પ્રકાશની એ સુંદરતા તમારી બધી મુશ્કેલીઓને, બધી ચિંતાઓને, બીજી દરેક બાબતોને થોડી ક્ષણો માટે કે થોડી મિનિટો માટે કે એકાદ કલાક માટે તમારાથી દૂર ધકેલી દે છે, જેનો અર્થ છે કે 'સ્વત્વ' ત્યાં નથી. 'સ્વત્વ', 'હું પદવાળી સ્વાર્થી પ્રવૃત્તિઓ', 'સ્વહિત' એ બધું જ, એકાદ ભવ્ય અને પ્રકાશિત વાદળની અતિસુંદરતાની હાજરીથી હદપાર થઈ જાય છે. અને એ ક્ષણે 'સ્વત્વ' ગેરહાજર હોય છે. તો શું, સુંદરતા ત્યારે જ સંભવી શકે છે જ્યારે 'સ્વત્વ' નથી હોતું? તમે આની સાથે સહમત નહીં થાઓ, પણ તે છતાં, તમારા માથા હકારમાં હલાવી અને કહેશો, ''સાવ સાચું છે આ, કેટલું અદ્‌ભુત!,'' અને પછી, ફરી તમારા ગંદી રીતો જ ચાલુ રાખશો. સ્વાર્થી પ્રવૃત્તિઓ, સ્વકાળજીને જ આપણે ચાલુ રાખીશું અને પછી ગણતરીથી અને તર્કથી સુંદરતાની વાત કરીશું. સુંદરતાનો અનુભવ કરવો જોઈએ, સુંદરતા મનમાં યાદશક્તિરૂપે રાખવી ન જોઈએ. સુંદરતા એ કોઈ ચિત્ર કે નકશી કે સુંદર મુખ કે આકર્ષક શૈલીથી ઘણી ઊંડી છે. સુંદરતા ત્યારે જ હોય જ્યારે 'સ્વત્વ' ન હોય. અને ધર્મશીલ માનસને સમજવા માટે એની જ સૌથી પહેલી જરૂર છે.

રાજઘાટ નવેમ્બર ૧૯૮૪, લોક-સંવાદ ૨

# ખરેખરું ક્રાન્તિકારી માનસ

**આ**મ, ધર્મશીલ માનસ એ એક ખરેખરું ક્રાન્તિકારી માનસ છે, એવી ક્રાન્તિ નહીં કે જે પરિસ્થિતિની પ્રતિક્રિયા રૂપે છે - જેમ મૂડીવાદની પ્રતિક્રિયા રૂપે જ સામ્યવાદ છે; અને એટલે જ આવી ક્રાન્તિ એ ખરેખર તો ક્રાન્તિ છે જ નહીં. કોઈ જ પ્રતિક્રિયા એ ક્રાન્તિ હોઈ જ ન શકે, અને એટલે જ પ્રતિક્રિયા પરિવર્તન કદી ન આણી શકે. ફક્ત ધર્મશીલ માનસ - આત્મજ્ઞાનની શરૂઆત છે તેવું- પોતાનું આત્મનિરીક્ષણ કરતું હોય, પોતાની દરેક હિલચાલનું, પોતાની દરેક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરતું હોય, ખોજ કરતું હોય, એવું માનસ જ ક્રાન્તિકારી માનસ છે. અને આવું ક્રાન્તિકારી માનસ જ પરિવર્તનશીલ માનસ એટલે કે ધર્મશીલ માનસ હોય.

એટલે તમે આપણી મુશ્કેલી જોઈ શકશો. જો તમે જાગતા હો તો દરેક 'નવીનતા'નો સમગ્રતાથી પ્રત્યુત્તર આપવો એ વર્તમાન સમયનો અને દરેકે દરેક પળનો પડકાર છે. 'સમગ્રતાથી પ્રત્યુત્તર'દ્વારા હું એ કહેવા માંગુ છું કે પુર્ણપણે, તમારા સમગ્ર મનથી, તમારી સમગ્ર સમજ શક્તિથી કે બુધ્ધિથી, તમારા સમગ્ર હૃદયથી, તમારા સમગ્ર શરીરથી, બધું જ, તમારા સમગ્ર અસ્તિત્વથી પ્રત્યુત્તર આપવો, ફક્ત બુધ્ધિપૂર્વક કે ફક્ત ભાવનાઓથી કે લાગણીવશ નહીં. મને વિચાર થાય છે, તમે આ રીતે ક્યારેય કશાનો પણ સમગ્રતાથી પ્રત્યુત્તર આપતા હો છો કે? જ્યારે તમે સંપૂર્ણતાથી કશાકનો પ્રત્યુત્તર આપશો, તો એ પળે, એ ક્ષણે તમે અનુભવશો કે 'સ્વ' તેની દરેક પ્રવૃત્તિ, તેના દરેક ડર, દરેક મહત્ત્વકાંક્ષાઓ, ક્રૂરતા, ઈર્ષા, અદેખાઈ સહિત દૂર થઈ જાય છે. અને તેથી જ, તમે સમગ્રતાથી પ્રત્યુત્તર આપો છો, જ્યારે, તમે 'જીવન' પ્રત્યે સંવેદનશીલ હો છો.

મદ્રાસ ૧૯૬૧, લોક-સંવાદ ૮

# ધાર્મિક મન અને વૈજ્ઞાનિક મન

**આ**જે સવારે મેં એક સુંદર પક્ષી જોયું. લાલ ગળાવાળું તે એક કાળું પક્ષી હતું. તેનું નામ હું જાણતો નથી. તે એક વૃક્ષ પરથી બીજા ઉપર ઊડી રહ્યું હતું. તેના હૃદયમાં ગીત હતું અને એ સોહામણું પક્ષી જોવું એ એક લહાવો હતો. આજે સવારે હું તમારી સાથે કાંઇક ગંભીર વિષયની વાત કરીશ. તમે ધ્યાનથી સાંભળશો અને તમારી ઈચ્છા થાય તો પછીથી તમારા શિક્ષકો સાથે તેની ચર્ચા કરી શકશો. આખી દુનિયા સાથે જેનો સંબંધ છે અને જે વિષે આખી દુનિયા સાથે જેનો સંબંધ છે અને જે વિષે આખી દુનિયા ખળભળી ઊઠી છે એ વિષે હું વાત કરીશ. તે છે ધાર્મિક ભાવના અને વૈજ્ઞાનિક મન. દુનિયામાં આ બે વલણો છેઃ સાચી ધર્મભાવના અને સાચું વૈજ્ઞાનિક મન, મનની આ બે જ અવસ્થાઓ મૂલ્યવાળી છે. બીજી બધા પ્રવૃત્તિઓ વિનાશક છે. અને તે જબ્બર દુઃખ ગૂંચવાડો અને શોક તરફ માણસને લઇ જાય છે.

વૈજ્ઞાનિક મન બહુ હકીકતલક્ષી હોય છે. સંશોધન એ એનું ધ્યેય છે, દર્શન છે. તે વસ્તુઓને સૂક્ષ્મદર્શક, દૂરદર્શક દ્વારા જુએ છે; દરેક વસ્તુ જે તે છે તે સ્વરૂપમાં જોવાની હોય છે; આ દર્શનમાંથી વિજ્ઞાન તારવણીઓ કાઢે છે, સિધ્ધાંતો બાંધે છે. આવું મન એક હકીકત ઉપરથી બીજી હકીકત પર જાય છે. વિજ્ઞાનને વ્યક્તિગત પરિસ્થિતિઓ સાથે, રાષ્ટ્રવાદ સાથે, પ્રજા કે પૂર્વમત સાથે કશો સંબંધ હોતો નથી. વિજ્ઞાનીઓ પદાર્થનું સંશોધન કરે છે, પૃથ્વી, તારાઓ અને ગ્રહોના બંધારણનો અભ્યાસ કરે છે, મનુષ્યના રોગો મટાડવાના ઉપાય શોધે છે, મનુષ્યની જીંદગી કેમ લંબાવવી તે શોધે છે, ભૂતકાળ અને ભવિષ્યકાળ બંને કાળને સમજાવે છે. પણ 'રાષ્ટ્રવાદી' કે 'ભારતીય' કે પછી 'રૂસી' કે 'અમેરિકી' મન, વૈજ્ઞાનિક મન અને તેના સંશોધનોનો અનુચિત ઉપયોગ કરે છે. સાર્વભૌમ રાજ્યો અને ખંડો વૈજ્ઞાનિક શોધોનો ઉપયોગ અને ગેરલાભ ઉઠાવે છે.

પછી ધાર્મિક મન, સાચું ધાર્મિક મન પણ છે. તે કોઇ પણ સંપ્રદાય, સમૂહ, કોઇ પણ ધર્મ કે ધર્મસંસ્થા સાથે સંબંધ ધરાવતું નથી. ધાર્મિક મન એ હિંદુ મન, ખ્રિસ્તી મન, બૌધ્ધ કે મુસ્લિમ મન નથી. જે પોતાને ધાર્મિક કહેવડાવે છે એવા કોઇ પણ સમૂહનું મન તે ધાર્મિક મન નથી, અમુક માન્યતાઓ કે આગ્રહો ધરાવતું મન પણ ધાર્મિક મન નથી. ધાર્મિક મન એ સંપૂર્ણ કેવળ છે, એકાકી છે. જેણે દેવળોની, મતાગ્રહોની, માન્યતાઓની, પરંપરાઓની નિરર્થકતા જોઇ છે તેવું મન તે ધાર્મિક મન છે. તે રાષ્ટ્રવાદી ન હોવાથી, તેના વાતાવરણથી બંધિયાર ન હોવાથી, આવા મનની કોઇ ક્ષિતિજ કે સીમા હોતી નથી. તે સ્ફોટક છે, નવીન, કુમળું, તાજું નિર્દોષ મન છે. નિર્દોષ મનને, કુમળા મનને, જે મન અસાધારણપણે સંવેદનક્ષમ છે. સૂક્ષ્મ છે તેને કોઇ લંગર હોતું નથી, જેને તમે ઈચ્છા કહો છો, જે અપ્રમેય છે તેની અનુભૂતિ આવું મન જ કરી શકે છે.

એક મનુષ્ય સાચો મનુષ્ય ત્યારે હોય છે કે જ્યારે વૈજ્ઞાનિક અભિગમ અને સાચી ધર્મભાવના હાથમાં હાથ મિલાવીને સાથે જાય છે. પછી મનુષ્યો જે દુનિયા સર્જશે તે સમયવાદીની કે મૂડીવાદીની, બ્રાહ્મણની કે ખ્રિસ્તીની દુનિયા નહિ હોય પણ સારી દુનિયા હશે. હકીકતમાં સાચો બ્રાહ્મણ તે છે કે જે કોઇ ધાર્મિક પંથ, કોઇ વર્ગ, કોઇ અધિકારનો મનુષ્ય નથી; સમાજમાં તેનો કોઇ મોભો નથી. જે નવો માનવી છે તે સાચો બ્રાહ્મણ છે, જેનામાં વૈજ્ઞાનિક અને ધાર્મિક મનનો મેળ છે, તેના અંતરમાં કશા પરસ્પર વિરોધો નહિ હોવાથી તે સમતુલ માનવી છે, અને મન લાગે છે કે શિક્ષણનો હેતુ એવા નવા મનનું સર્જન કરવાનો છે કે જે મન સ્ફોટક છે અને સમાજે જે રચના ગૂંથી છે તેમાં તે સપડાતું નથી.

ધાર્મિક મન એ સર્જનશીલ મન છે. એણે માત્ર ભૂતકાળને પૂર્ણ કરવાનો જ નથી પણ વર્તમાનમાં સ્ફુટ થવાનું છે. ગીતા, ઉપનિષદ કે બાઇબલનું અર્થઘટન કરનારું મન નથી પણ તે સંશોધન કરવાને શક્તિમાન છે એટલું જ નહિ પણ સ્ફોટક વાસ્તવિકતાનું સર્જન કરવાને પણ શક્તિમાન છે. ધાર્મિક થવું અને સ્પષ્ટ, ચોક્કસ વૈજ્ઞાનિક મન હોવું તે અત્યંત મુશ્કેલ છે. આવું મન નિર્ભિક છે અને તેને પોતાની સલામતીની, જોખમની જરાય ચિંતા હોતી નથી. પોતાની જાતને ઓળખ્યા વિના પોતાના વિષે, પોતાનાં શરીર, મન અને લાગણીઓ વિષે, મન કેવી રીતે કાર્ય કરે છે, વિચાર કેવી રીતે ક્રિયા કરે છે આ બધું જાણ્યા વિના તમે ધાર્મિક મન ધરાવી શકતાં નથી. આ બધાને પેલે પાર જવા માટે, આ બધાને ખોલવા માટે તમારે ચોક્કસ, સ્પષ્ટ, પૂર્વમત વિનાના, જે ઘૃણા વિના અવલોકન કરે છે, જુએ છે એવું વૈજ્ઞાનિક મન થવું જોઇએ. જ્યારે તમારું આવું મન હોય ત્યારે જે કરુણાને જાણે છે એવા તમે સાચા સંસ્કારી મનુષ્ય છો. જીવંત હોવું એટલે શું તે આવો મનુષ્ય જાણે છે.

શિક્ષણ સંવાદ, પ્ર.૨

# નિયંત્રણ, શિસ્ત, નિરીક્ષણ એક નવી જ જાતનું શિસ્ત લાવે છે

**મા**ટે, એક માનસ કે જે 'ધર્મશીલ માનસ'ના લક્ષણો અને પ્રકૃતિ વિશે ખોજ કરે છે, એ એક નવું માનસ છે કે જે સંસ્થાગત ઉગ્ર ધાર્મિકતાથી અને પરંપરાગત શિસ્તથી મુક્ત છે. પણ એનું પોતાનું અસાધારણ, કોઇ દબાણ કે નિયમ હેઠળ ન આવે તેવું શિસ્ત હોય છે, જે તથ્યને જોવાની શરૂઆત કરતાં જ અસ્તિત્વમાં આવે છે. તમને ખબર છે, તથ્યોને જોવા માટે ખુબ ઉર્જા જોઇએ. તમે તથ્યને તો જ જોઇ શકો, જો, તથ્ય સાથે તમે કોઇ વિસંગતતા ન અનુભવતા હો- એ ક્ષણે તમે જેવા છો તે, એ સમયે તમે ઈર્ષાળુ હો, કે મહત્ત્વકાંક્ષી હો, કે, લોભી હો, કે, અદેખાઇથી ભરેલાં હો, કે નિર્દય કે નિષ્ઠુર બની ગયાં હો. તથ્યની સામે જવા માટે ઉર્જા જોઇએ. જો તમે તથ્યની સાથે વિસંગતતા અનુભવતાં હો તો તમે તથ્યની સાથે ન રહી શકો અને જ્યારે તમે કોઇ વિસંગતતા વગર તથ્યને જૂઓ છો, તે તથ્ય જ ઉર્જા પ્રગટ કરે છે, જે પોતાની અલગ જ શિસ્ત લાવે છે. આવું શિસ્ત માનસને વિકૃત નથી કરતું, કારણકે અહીં કોઇ દબાણ નથી. આપણા બધાં જ શિષ્ટાચારો 'તથ્ય'ને દબાવી દેવાની રીતો છે, કારણકે, આપણે એક એવી કલ્પનામાં છટકી, તેની પુજા કરીએ છીએ, જે એક વિભાવના માત્ર છે. જો તમે સાંભળી રહ્યાં છો (જે હું ધારું છું, સાવ સુલભ અને વિપુલ એવા શબ્દોને ફક્ત નહીં) તમે જે કહેવાઇ રહ્યું છે તેનું જાતે નિરીક્ષણ કરી રહ્યાં છો, તો તમે તથ્યને જોઇ શકશો જ. જો તમે જે ખરેખર છો, - એટલે કે, તમારી ખરેખરી જાત, તમારો આત્મા કે એવું કાંઇ જ નહીં કે જેનો કોઇ અર્થ નથી-, તેની સાથે કોઇ વિસંગતતા અનુભવતા નહીં હો, તો તમે જોશો કે જેમ જેમ તમે તથ્યોનું નિરીક્ષણ કરતા રહેશો, તેમ તેમ એક અલગ જ શિસ્ત તમારામાં આવશે. કોઇ વસ્તુના સ્પષ્ટ નિરીક્ષણ માટે, તમે કશાને વખોડતા નથી, તમારો કોઇ નિશ્ચિત અભિપ્રાય નથી-તદન નિષ્પક્ષપણે કોઇક વસ્તુને જેમ એક વૈજ્ઞાનિક માનસ જુએ.

મદ્રાસ ૧૯૬૧, લોક-સંવાદ ૮

## પરિવર્તન, ઉત્ક્રાંતિના પરિપેક્ષ્યમાં નહીં

**આ**મ, એક ધર્મશીલ માનસ માટે કોઇ આખરી સત્તા નથી, અને એટલે જ ધર્મશીલ માનસ એ અનુકરણશીલ માનસ નથી. તમે એ પણ જોશો કે ધર્મશીલ માનસ એ 'કાળ'ના બંધનમાં બંધાતો નથી. એ ઉત્ક્રાંતિ કે વિકાસ, ક્રમિકવાદના પરિપેક્ષ્યમાં વિચારતો નથી- આવી વિચારાનાંઓ પશુવૃત્તિ લક્ષી વિચારણા છે, કારણકે આપણું મગજ, મગજનો થોડો ભાગ 'પશુ માનસ'માંથી વિકાસ પામતો આવ્યો છે. તે સિવાયનું મગજ હજી વિકસવાનું બાકી છે. અને જો એ પશુવૃત્તિ અને પશુ અનુભવને ધ્યાનમાં રહીને વિકસશે, તો હજી તે 'કાળ'ના બંધનમાં જ રહેશે. એટલે જ એક ધર્મશીલ માનસ ક્યારેય વિકાસ કે ઉત્ક્રાંતિના સંદર્ભમાં વિચારતું નથી. 'કાળ'ની બહાર તે કૂદકો મારી દે છે. મને લાગે છે કે તમે આ સમજશો, જે તમારા માટે સાવ નવું અને અસામાન્ય હશે, કારણ કે 'પરિવર્તન' દ્વારા હું તે જ અર્થ બતાવવા માંગું છું.

બદલાતું માનસ, બદલાતું મગજ હંમેશા જ્ઞાત તરફથી જ્ઞાત તરફ જ ગતિ કરતું હોય છે, પરંતુ એક ધર્મશીલ માનસ એ પોતાને 'જ્ઞાત'થી સ્વતંત્ર કરી દે છે, અને એટલે જ 'અજ્ઞાત'નો અનુભવ એ કરી શકે છે. 'અજ્ઞાત'એ 'કાળ'ની બહાર છે, 'જ્ઞાત' એ 'કાળ' અંતર્ગત છે. અને એટલે જ જો તમે એમાં ખુબ ઊંડા ઉતર્યા હો તો તમે જોશો કે ધર્મશીલ માનસ એ 'કાળ'નું ગુલામ નથી. જો એને જાણ થાય કે તે મહત્ત્વકાંક્ષી કે ઈર્ષાળુ કે ડરપોક છે, તો પણ, એ કોઇ 'આદર્શ' કે 'મુલતવી રાખવું' એ વાતોનું વિચાર કરતું નથી. એ ભાવોનો તે તત્કાળ અંત આણે છે, તે જ ક્ષણે અને તેનો અંત એ જ પેલા અસાધારણ સુક્ષ્મ સંવેદનશીલ શિસ્તની શરૂઆત છે, જે કોઇ નિયંત્રણ હેઠળ નથી, જે સ્વતંત્ર છે.

મદ્રાસ ૧૯૬૧, લોક-સંવાદ ૮

### Statement about ownership and other particulars of Antarmel Newsletter

**Form IV**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 2. Peridicity of Publication | : | Once in four months, (January, May, September) |
| 3. Printer's Name | : | Anand Limaye |
| Whether citizen of India | : | Yes |
| Address | : | India Printing Works, 42, G. D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 6. Name and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowedge and belief.

Sd
(P. V. Dabholkar)

### એક સર્જનાત્મક માનસ સમજે છે કે જીવવું એટલે શું

**સ**ર્જનને ક્યારેય શબ્દોમાં ન વર્ણવી શકાય. સર્જન એટલે નવી 'શોધ' નહીં. જગત 'શોધો' થી બનેલું નથી, માટે, એક ધર્મશીલ માનસ એ સર્જનાત્મક માનસ છે, કારણકે એ જાણે છે કે 'જીવવું' એટલે શું, અને એટલે જ તેણે રોજિંદા જીવનની દરેક ક્ષુદ્રતાઓથી પોતાને સ્વતંત્ર કરી નાખ્યું છે. રોજિંદુ અસ્તિત્વ એ જીવન નથી, એ એક યાતના છે; અને જ્યારે એ યાતના બંધ થાય છે, ત્યારે જ તમે જીવવાનું શરૂ કરી શકો છો. ફક્ત ધર્મશીલ માનસ જ એ રીતે જીવી શકે. માટે જ, દરેક ક્ષુદ્રતાઓથી સ્વતંત્ર થવું અને જીવવું એ કોઇ 'શોધ' નથી, એ તો દરવાજો છે, અમાપતાનો, અજ્ઞાતના અસ્તિત્વનો.

મદ્રાસ ૧૯૬૧, લોક-સંવાદ ૮

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte*
*Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com*